ભયથી ઘેરાયેલા આત્મા કદી પરમાત્માને પામી નથી શકતો
- દીનદયાળ ઉપાધ્યાય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૮ ૮ ફેબ્રુઆરી, ૨૦૧૩, શુક્રવાર; પોષ વદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ આક્રમક

## પ્રચાર અભિયાન માટે ત્રણ મંત્રીઓ, એક સાંસદ, ત્રણ ધારાસભ્યો, બોર્ડ-નિગમના ત્રણ ચેરમેનો અને મનપાના કાઉન્સીલરોને વિશેષ જવાબદારી : પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાને ખાસ જવાબદારી

ગાંધીનગર, તા.૭

આગામી ૧૭મીએ યોજાનાર તાલુકા પંચાયત પર કબ્જો જમાવવા માટે ભાજપે આક્રમક પ્રચાર અભિયાન સાથે ૩ મંત્રીઓ, ૧ સાંસદ, ત્રણ ધારાસભ્યો તથા બોર્ડ-નિગમના જિલ્લાના ચેરમેનો અને ગાંધીનગર મનપાના કાઉન્સીલરોને વિશેષ જવાબદારી સોંપી છે. આ ઉપરાંત પ્રચાર અભિયાનની ખાસ જવાબદારી પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાને સોંપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૧ બેઠકો છે અને અત્યાર સુધી આ તાલુકા પંચાયત કોંગ્રેસ હસ્તક રહી છે. વિદાય લેતી પંચાયતમાં કોંગ્રેસની આંતરિક લડાઈનો ફાયદો ઉઠાવી ભાજપના શ્રી પોપટભાઈ પટેલે પ્રમુખ પદ મેળવ્યું હતું.

તાજેતરમાં સંપન્ન થયેલ વિધાનસભાની ચૂંટણીમાં ૧૩ તાલુકા પંચાયતની સીટો પર ભાજપના ઉમેદવારે સરસાઈ પ્રાપ્ત કરી હતી.

પ્રદેશ કક્ષાએથી ચૂંટણી જંગને અત્યંત ગંભીરતાથી લેવામાં આવ્યો છે અને એટલે જ જિલ્લાના પ્રભારી મંત્રીઓ શ્રી નીતિન પટેલ, શ્રી રજનીભાઈ પટેલ તથા રાજયના મહેસુલ પાટનગર યોજના, માર્ગ-મકાન, શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ આ ચૂંટણીના પ્રચાર અભિયાનમાં જોડાવાના છે.

આજે પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ કોલવડામાં, સાંસદ શ્રી નટુજી ઠાકોરે ઉવારસદ ખાતે તથા ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણાએ ઉનાવા ખાતે કાર્યકરો સાથે બેઠકો યોજી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧, ૨ અને ૮ના કાઉન્સીલરોને કોલવડા બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે. વોર્ડ નં. ૫, ૬ અને ૭ના કાઉન્સીલરોને ઉનાવા બેઠક માટે વોર્ડ નં. ૩, ૯, ૪, ૧૧ના મહત્વના કાર્યકર્તાઓને ઉવારસદ બેઠકની જવાબદારી સોંપવામાં આવી છે.

ધારાસભ્ય શ્રી અશોક પટેલ તથા શ્રી શંભુજી ઠાકોરને સમગ્ર તાલુકાનો સઘન પ્રવાસ કરવાનો રહેશે તેમજ સભાઓને પણ સંબોધી અને સરકારના વિકાસ અભિગમનો સંદેશ લોકો સુધી પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુડાના ચેરમેન શ્રી અશોક ભાવસાર અને ખાદી બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલને પણ પ્રચાર અભિયાનની જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા સંગઠ્ઠનના હોદેદારોને પણ એક એક બેઠકની વિશેષ જવાબદારીઓ સુપ્રત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શનિ-રવિની રજાના દિવસો દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લાના ત્રણ ગામોને રૂબર્બન પ્રોજેક્ટમાં સમાવવા કવાયત

## કોલવડા, ડભોડા અને સઈજમાં આ પ્રોજેકટ માટે સર્વે હાથ ધરાયો; ડીપીઆર તૈયાર થયા બાદ દરખાસ્ત તંત્ર દ્વારા કરાશે; રાંધેજાને આ પ્રોજેકટમાં પ્રથમ તબક્કામાં આવરી લેવાયું હતું હજુ કામ ચાલુ છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ત્રણ ગામો ડભોડા, સઈજ અને કોલવડાને રૂબર્બન પ્રોજેકટ હેઠળ આવરી લેવા માટેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

૧૦ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામડાઓને આ પ્રોજેકટ હેઠળ આવરી લઈ અને શહેરી વિસ્તાર જેવી સુવિધાઓ આપવાનું આયોજન છે. રાજયમાં ઝડપથી તુટી રહેલા ગામડાઓ અને વધતા જતા શહેરીકરણ ને લઈ સરકારે આ રૂબર્બન પ્રોજેકટ તૈયાર કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ રાંધેજા ખાતે આ પ્રોજેકટ કાર્યરત છે. ગટર, પાણી અને રસ્તા જેવી સુવિધાઓ આ પ્રોજેકટ અંતર્ગત આપવામાં આવે છે. રાંધેજા માટે ગટર લાઈનનું કામ રૂ. ૬.૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાંધેજામાં ગટરલાઈનનું કામકાજ હાલ ચાલુ છે અને હજુ તેને પૂર્ણ થતાં બે માસ જેટલો સમય લાગશે. આ માટે એજન્સીને પણ તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગટર પ્રોજેકટમાં હાલ ઈલેકટ્રીક જોડાણ અને ડીવાઈસનું કામ બાકી છે.

દરમિયાન પસંદગી પામેલા ડભોડા, કોલવડા અને સઈજ ગામ માટે આ પ્રોજેકટ અંતર્ગત કરવાની થતી સર્વેની કામગીરી વિકાસ કમિશનરની કચેરી દ્વારા હાથ ધરવામાં આવી છે. આ સર્વેની કામગીરી સંપન્ન થયા બાદ વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આ ગામોનો ડીટેઈલ પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરાશે અને તે રાજય સરકારની મંજૂરી માટે મોકલવામાં આવશે.

રાજય સરકાર દ્વારા કોઈ પણ એક કે બે ગામોની પસંદગી કરાશે તેમ મનાઈ રહ્યું છે. જો કે આ માટે જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર



મહિલા સશક્તિકરણ - દિલ્હી દૂષ્કર્મની ઘટનાના પગલે સમગ્ર દેશમાં મહિલા જાગૃતિ અને મહિલા સશક્તિકરણ માટે અભિયાન ચાલ્યું... સરકાર - શાસક અને સંસ્થાઓ સફાળા જાગી ગયા.... મહિલાઓને શક્તિશાળી બનાવવા માટે સરકારી પોલીસ તંત્ર પણ ચોક્કસ કાર્યક્રમો લઈને પ્રજા સમક્ષ આવ્યું છે. તો બીજી તરફ કેટલીક એનજીઓએ પણ મહિલા જાગૃતિ અને સશક્તિકરણ માટે કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. મહિલાઓ સામાન્ય સંજોગોમાં કેવી રીતે પ્રતિકાર કરી શકે તેની સામાન્ય તાલીમ રાજ્યભરમાં આરંભાઈ છે.

# એક જ દિવસમાં પારો સાડા ત્રણ ડિગ્રી ગગડ્યો



## આગાહી મુજબ જ ઠંડીનો પુનઃ ચમકારો : લઘુત્તમ તાપમાન ૯.૪ સુધી ગગડ્યું

ગાંધીનગર, તા. ૭

થોડાક દિવસ હુંફાળુ વાતાવરણ રહ્યા બાદ પુનઃ ઠંડીના મોજાએ જનજીવન પર ભારે અસર કરી છે. બર્ફીલા પવનોના કારણે લઘુત્તમ તાપમાન સાડા ત્રણ ડિગ્રી સુધી ગગડી ગયું છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૯.૪ ડિગ્રી રહ્યું હતું.

વાતાવરણમાં અચાનક પલ્ટો આવવાનો સીલસીલો જારી રહ્યો છે. થોડાક દિવસો હુંફાળુ વાતાવરણ રહ્યા બાદ ઠંડી પુનઃ ત્રાટકી છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ બર્ફીલા પવનોની અસર હેઠળ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. ચાલુ સપ્તાહે માવઠું થયા બાદ ઠંડી વધી છે. પવનની ગતિ ખુબ તેજ છે. બર્ફીલા પવનોના કારણે દિવસે પણ ઠંડી લાગે છે. ગઈરાત્રે લઘુત્તમ તાપમાન ૯.૪ ડિગ્રી સુધી પહોંચી જતાં વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી હતી.

ગયા અઠવાડિયે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી સુધી પહોંચી ગયુ હતું અને ઘર તથા ઓફિસોમાં પંખા-એસી ચલાવવાની ફરજ પડી હતી. ગરમ વસ્ત્રો ગાયબ થઈ ગયા હતા. ઉનાળાનો પ્રારંભ થઈ ગયો હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. પરંતુ ઠંડીએ પુનઃ ઉથલો માર્યો છે. છેલ્લા બે દિવસથી ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની ફરજ પડી છે. બે દિવસ અગાઉ રાત્રે પડેલા માવઠા બાદ પવન વધુ ઠંડો બન્યો છે. વળી પવનની ગતિ પણ ખુબ જ તેજ હોવાથી ઠંડીની અસર વધુ વર્તાઈ હતી. વળી એકાએક જ પારો સાડા ત્રણ ડિગ્રી સુધી ગગડી જતા શરદી-ખાંસી-તાવના દર્દીઓ વધ્યા છે. બાળકો અને વૃદ્ધોની તબીયત સતત બદલાતા જતા વાતાવરણ હેઠળ બગડી છે. વાયરલ ઈન્ફેકશનના દર્દીઓ પણ વધી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં દિવસભર ઠંડીનું જોર પવનની ગતિને કારણે અનુભવાતુ હતું. પવનની ગતિથી ૭ થી ૮ કિ.મી.ની નોંધાઈ હતી.

હવામાન ખાતાએ ઠંડીનું આ જોર આગામી ૪૮ કલાક સુધી રહેવાની આગાહી કરી છે. આજે દિવસ દરમ્યાન પણ પવનના સુસવાટાઓ નોંધાયા હતા.

### ઠંડીનું મોજુ ત્રણ દિવસ રહેશે

હવામાને બદલેલો મીજાજ હજુ બે-ત્રણ દિવસ ચાલુ રહેશે. ઉત્તર ભારતમાં બર્ફીલી ઠંડી ચાલુ રહેશે. રાજસ્થાન, ગુજરાત, પંજાબ, હરીયાણા, મધ્યપ્રદેશ અને ઉત્તર મહારાષ્ટ્રમાં રાત્રીનું તાપમાન હાલના તાપમાન કરતા ૩-૪ ડિગ્રી નીચુ રહે તેવી શકયતા છે.

### રાજ્યમાં તીવ્ર ઠંડી : દીવ ૫.૮ ડિગ્રી

અમદાવાદ, તા.૭

આજે રાજ્યમાં સૌથી વધારે ઠંડી દીવમાં ૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. આ ઉપરાંત મહુવામાં ૭.૫, અમરેલી ૮, રાજકોટ ૯.૬, ભૂજ ૧૧.૮ અને ગાંધીનગરમાં ૯.૪ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દિવ-દમણ અને દાદરાનગર હવેલીમાં ઠંડીનું મોજુ યથાવત રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

# ઈજનેરી કોલેજમાં પ્રવેશ નીતિ બદલાઈ

## હવેથી ધોરણ-૧૨ વિજ્ઞાનના પર્સન્ટાઈલ રેન્કના ૬૦ ટકા અને JEE(મેઈન)ના ૪૦ ટકા ગુણભારના આધારે મેરીટ તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૭

ઈજનેરી કોલેજોના પ્રવેશ માટે હવે પર્સન્ટાઈલ રેન્કના ૬૦ ટકા અને JEE (મેઈન) ના ૪૦ ટકા ગુણભારના આધારે મેરીટયાદી તૈયાર થશે અને તે પછી વિદ્યાર્થીઓને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ અપાશે.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદીએ રાજ્યના ધોરણ-૧૨ (વિજ્ઞાનપ્રવાહ)ના વિદ્યાર્થીઓ અને વાલીઓ જોગ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાજ્યમાં GTU સાથે જોડાણ ધરાવતી તમામ ઈજનેરી કોલેજો તેમજ રાજ્યની સ્વાયત્ત/ડીમ્ડ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટે તૈયાર કરવાની મેરીટયાદી બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીએ, ગણિત, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના વિષયોમાં મેળવેલા પર્સન્ટાઈલ રેન્કના અને JEE (Main) માં વિદ્યાર્થીએ મેળવેલા માર્કસના આધારે નક્કી થનારા પર્સન્ટાઈલ રેન્કનાં ૫૦:૫૦ ગુણભાર (Weightagr) ના આધારે નક્કી કરવાનો નિર્ણય થયો હતો. જેમાં હવે રાજ્ય સરકારે

● અનુસંધાન પાન-૭ પર

### વારંવાર બદલાતી નીતિથી વિદ્યાર્થીઓમાં મુંઝવણ

ગાંધીનગર, તા.૭

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વારંવાર બદલાતી નીતિથી મુંઝવણમાં મુકાયા છે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના છેલ્લા સેમેસ્ટરની પરીક્ષાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નીતિ વારંવાર બદલવામાં આવી રહી છે. નવી નીતિઓથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની મુંઝવણ વધી છે. તાજેતરમાં જ બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓ માટે ગુજકેટ લેવાનું નક્કી થયું છે. વિદ્યાર્થીઓ હવે છેલ્લા સેમેસ્ટરની પરીક્ષાની સાથે ગુજકેટની પરીક્ષાની તૈયારીમાં લાગ્યા છે. તેવી જ રીતે ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટેની નીતિ પણ બદલવામાં આવી છે. અગાઉ એવી જાહેરાત કરવામાં આવી હતી કે મેરીટ માટે જી મેઈન અને બોર્ડની પરીક્ષાના પર્સન્ટાઈલ રેન્કના ૫૦-૫૦ ટકા ગુણભાર નક્કી કરાયા હતા. હવેથી પર્સન્ટાઈલ રેન્કના ૬૦ ટકા અને જી મેઈનના ૪૦ ટકા ગુણભારના આધારે મેરીટ તૈયાર થશે.




